## ગરો બ્રાહ્મણને યજ્ઞોપવિત દીક્ષા સંસ્કાર



ગાયત્રી પરિવાર ગાંધીનગર દ્વારા બ્રાહ્મણ યુવાઓને કર્મ તાલીમ છેલ્લા ૨૫ દિવસથી તેજાનંદ સ્વામીના આર્શીવાદથી ગાયત્રી શક્તિપીઠ ખાતે સંપન્ન થયેલ છે. જેમાં સોડસ સંસ્કાર, યજ્ઞ, વિવાહ જેવા સંસ્કારો તેમજ શબ સંસ્કાર- અત્યે ગાયત્રી પરિવારના તજજ્ઞો દ્વારા આપવામાં આવી હતી. ૨૨ યુવાનોએ આ શિબિરમાં ભાગ લીધો હતો. શિબિર ટ્રેનિંગના અંતિમ દિવસે યુવાઓને જેટલાને યજ્ઞોપવિત સંસ્કાર વિવિધ વિધી સંપન્ન થયા સાથે સાથે દીક્ષા સંસ્કાર ૨૨ યુવાઓને સંપનન્ન થયા હતા. ગાયત્રી યજ્ઞની આહુતિ અને વિશેષ આપી હતી. સાથે શિબિરની પુર્ણાહૂતિ કરવામાં આવી.

# સે. ૧૩માં લુખ્ખા તત્ત્વોના હુમલાની ઘટનાથી બ્રહ્મસમાજ લાલઘૂમ

## દોષિતોને ડામવા પોલીસ ત્વરિત પગલાં લે : બ્રહ્મસમાજ

ગાંધીનગર, તા. ૧

સે. ૧૩માં ખુલ્લેઆમ ગુંડાગીરી કરી, આતંક મચાવતા લુખ્ખા તત્વોએ ગઈકાલે એક બ્રહ્મબંધુ પર હૂમલો કરતા સમસ્ત બ્રહ્મસમાજે પણ ઉગ્ર આક્રોશ વ્યક્ત કરી આ ઘટનાને વખોડી કાઢી છે. બ્રહ્મસમાજે સમાજના નિર્દોષ વ્યક્તિને માર મારવાની આ અમાનવીય હરકત સામે ત્વરિત અને ઝડપી તપાસની માંગ કરી દોષિતો સામે કડક પગલા લેવા પ્રબળ લાગણી વ્યક્ત કરી છે. શહેરના સે. ૧૩માં અસામાજિક તત્વો બેફામ બન્યા છે. જેના પરિણામે રહેણાંક વિસ્તારમાં પરિવાર સાથે બહાર નિકળતા રહીશો સામે પણ જોખમ ઉભુ થયું છે. બિન્દાસ્ત બનેલા લુખ્ખા તત્વોને જાણે પોલીસની પણ બીક રહી જ ન હોય તેમ આંતક મચાવી રહ્યા છે. બેલગામ બનેલા આવા તત્વોના જોરને બયાન કરતો કીસ્સો હજુ ગઈકાલે જ પ્રકાશમાં આવ્યો છે. સે. ૧૩માં રહેતા જયેન્દ્રભાઈ રમેશચંદ્ર ભટ્ટ પોતાના પરિવારજનો સાથે ગાડીમાં પસાર થતા હતા તે વેળાએ કેટલાક લુખ્ખા તત્વોએ માર્ગ વચાળે વાહનો મુકી આડશ ઉભી કરીને તેમને અટકવા મજબૂર કર્યા હતા જ્યારે માર્ગ પર જગ્યા કરી આપવાની વિનંતી કરતા લુખ્ખા તત્વોએ તેમને જાહેરમાં લાકડી વડે માર માર્યો હતો. જેના પરિણામે તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ ઘટનાના પગલે સમસ્ત બ્રહ્મસમાજમાં પણ ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલે આ બનાવને વખોડી કાઢી સમાજના નિર્દોષ વ્યક્તિ પર વિના વાંકે લાકડીઓ વીંઝનારા તત્વોની સામે ઝડપી અને કડક કાર્યવાહી હાથ ધરવા માંગ કરી છે.

# લાયબ્રેરીમાં પીવાનું પાણી ફોર્સથી ન મળતાં વિદ્યાર્થીઓને કતારમાં ઉભા રહેવું પડે છે

**આકરી ગરમીમાં પર્યાપ્ત પાણીના અભાવ વચ્ચે કુલર આસપાસ ખદબદતી ગંદકીથી વાંચકોને ગુંગણામણ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૧૭ખાતે આવેલ લાયબ્રેરીમાં અસંખ્ય વિદ્યાર્થીઓ દરરોજ વાંચન માટે આવે છે. સવારથી સાંજ સુધી વાંચન કરતા વિદ્યાર્થીઓને કાળઝાળ ગરમીમાં પાણીની જરૂરીયાત ઉભી થાય છે. પરંતુ લાયબ્રેરીમાં મુકેલા કુલરમાંથી ઓછા ફોર્સથી પાણી મળતા વિદ્યાર્થીઓની પીવાના પાણી માટે લાંબી લાઈનો લાગે છે. તેમજ કુલરની આસપાસ સાફ સફાઈના અભાવે ગંદકી જોવા મળતાં વિદ્યાર્થીઓમાં રોષ પ્રવર્ત્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ સેક્ટર-૧૭ સ્થિત આવેલ લાયબ્રેરીમાં વિવિધ પરીક્ષાની તૈયારીઓ કરતાં અસંખ્ય વિદ્યાર્થીઓ વાંચન માટે આવે છે. વિદ્યાર્થી ભાઈબહેનો સવારથી સાંજ સુધી બેસીને મિત્રો સાથે વાંચે છે. પરંતુ ઉનાળાની આવી આગઝરતી ગરમીમાં વિદ્યાર્થીઓને પાણીની તરસ ખુબ લાગે છે. લાયબ્રેરીમાં મુકેલા પાણીના કુલરમાં ખુબ ઓછા ફોર્સથી પાણી આવતા વિદ્યાર્થીઓને લાઈનમાં ઉભા રહેવું પડે છે. તેમજ વારંવાર પાણી પીવા જતાં વિદ્યાર્થીઓનો વાંચનનો પણ સમય બગડે છે. તેમજ કુલરની આસપાસ ગંદકી જોવા મળે છે. કુલરની બાજુમાં યોગ્ય સાફ સફાઈ ન થવાથી ગંદકી જોવા મળતાં વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો છે. વધુમાં લાયબ્રેરીમાં આવેલ શૌચાલયમાં પણ સફાઈ કર્મચારીઓ દ્વારા સફાઈ કરવામાં આવતી ન હોવાથી અસહ્ય દુર્ગંધ મારે છે અને વિદ્યાર્થીઓને દુર્ગંધને કારણે મોંઢા ઉપર રૂમાલ રાખીને વાંચવાની ફરજ પડે છે. લાયબ્રેરીમાં આવેલ કુલરની આસપાસ તેમજ શૌચાલયમાં તંત્ર દ્વારા યોગ્ય સાફ સફાઈ થાય તેમ વિદ્યાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

# વિશ્વ પર્યાવરણ દિને બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાશે

## વિજેતાઓને ઈનામ અને પ્રમાણપત્ર અપાશે

ગાંધીનગર, તા. ૧

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ અને ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ૫ મી જૂન-૨૦૧૩ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ગાંધીનગર શહેરના ધોરણ-૧ થી ધોરણ-૧૨ના બાળકો માટે સુંદર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ, ઘ-૦ ખાતે ૫ મી જૂને વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન પર્યાવરણને લગતા વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાશે. સ્પર્ધા ધોરણ ૧ થી ૫, ધોરણ-૬ થી ૮ અને ધોરણ-૯થી ૧૨ એમ ત્રણ જૂથમાં યોજાશે. સ્પર્ધકોને સંસ્થા તરફથી ડ્રોઈંગ પેપર આપવામાં આવશે. વિજેતા સ્પર્ધકને આકર્ષક ઈનામ આપી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. સહયોગી સંસ્થા દ્વારા હળવા નાસ્તાનું પણ બાળકો માટે આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની વધુ વિગતો લક્ષ્મણ કંસારા મો. નં. ૯૯૦૪૬૧૮૦૦૯ અથવા જયશ્રીબેન ખેતીયા મો. નં. ૯૩૭૪૮૦૫૯૪૮ નો સંપર્ક કરવાથી મળી શકશે.

## આજે આનંદી માના વડલે ચર્મ રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧

શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાંના વડલે, માણસા ખાતે આજે ૨ જૂન ૨૦૧૩ના રોજ વિના મલ્યે ચામડીના રોગનો નિદાન અને સારવાર કેમ્પ યોજાશે. માણસા ગામે આનંદીમાના વડલે પિસ્તાલીમા ચામડીના રોગનો નિદાન અને સારવારનો કેમ્પ આજે બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન યોજાશે. કેમ્પમાં અમદાવાદના ચામડી, ગુપ્તરોગો, રકતપિત્તો, કોસ્મેટિક સર્જરી અને ડર્મેટો સર્જરીના નિષ્ણાંત ડૉ. ગૌરવ પટેલ માનદ સેવા આપશે.

# પીંપળજ ગામે શ્રમિકે નજીવી બાબતે ઝેરી દવા ગટગટાવી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક પીંપળજ ગામમાં રહેતા અને ખેત મજુરી કરતા એક શ્રમિકને પોતાની પત્ની સાથે જમવાનું આપવા જેવી નજીવી બાબતે ઝઘડો થતા આવેસમાં આવી ગયેલા શ્રમિકે કપાસમાં છાંટવાની દવા ગટગટાવી જતા હાલ પરિવારજનોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. જેની સારવાર હાલ ગોએન્કા હોસ્પિટલમાં ચાલી રહી છે. આ મામલે પેથાપુર પોલીસમથકના જમાદાર રાજેશસિંહ તપાસ ચલાવી રહ્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસીર ગાંધીનગર નજીક પીંપળજ ગામે મહેન્દ્રસિંહના બોર પર રહેતા અને મૂળ બનાસકાંઠાના વતની એવા હીરાજી રણછોડજી ઠાકોર ઉં.વ. ૨૫ પોતાના ભાઈ-ભાભી અને પત્ની સહિત બાળકો રહે છે. ગામમાં જ ખેત મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. દરમિયાન આ શ્રમિક પરિવારના તમામ સભ્યો ખેતરમાં બાજરી વાઢવા ગયા હતા અને બપોર બાદ તમામ સભ્યો ઘરે જમવા પરત આવ્યા હતા. પરંતુ શ્રમિક યુવક હિરાજી ઠઆકોર થોડા સમય બાદ ઘરે આવી તેની પત્નીને જમવાનું આપવા જણાવ્યું હતું પરંતુ પત્નીએ જમવાનું આપવામાં થોડીવાર કરતા પતિ પત્ની વચ્ચે ઝઘડો થયો આથી આવેશમાં આવી ગયેલા હીરાજીએ ઘરમાં પડેલ કપાસમાં છાંટવાની ઝેરી દવા ગટગટાવી જતા ઘરમાં આમ તેમ આળોટવા લાગતા પરિવારજનો ચિંતીત બન્યા હતા અને તાત્કાલિક નજીકની ગોએન્કા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ તાત્કાલિક સારવાર આપતા હાલ યુવકની હાલત સુધારા પર છે. આથી હાલ પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આજે કુડાસણની હોટલ મિડલ ટાઉનનો શુભારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામે રીલાયન્સ ચોકડી, પ્રમુખ આર્કેટ, હોટલ મિડલ ટાઉનનો આજે તા. ૨ જૂનના રોજ સવારે ૯.૩૦ કલાકે શુભારંભ સમારોહ યોજાશે.હોટલ મિડલ ટાઉનના શુભારંભ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજ તેજેન્દ્ર પ્રસાદજી ઠાકોર તથા સંત મંડળ સ.ગુ. શાસ્ત્રી સ્વામિ હરિકેશવદાસજી, સ.ગુ. શ્રીદેવ પ્રકાશદાસજી મહંત, સ.ગુ. શ્રી પી.પી. સ્વામી આ પ્રસંગે ઉપસ્થિત રહેશે અને આશીર્વાદ આપશે.

# સાદરા ગામનો યુવાન ૧૪ દિવસથી ગુમ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક આવેલ સાદરા ગામના ગોવિંદભાઈ રામાભાઈ પ્રજાપતિ છેલ્લા ૧૪ દિવસથી ગરેથી કોઈને કંઈ કહ્યા વગર ચાલ્યા ગયેલ છે. જેથી પરિવારજનો ચિંતાતુર બન્યા છે. આ બનાવ અંગે લાલજીભાઈ પ્રજાપતિએ ચિલોડા પોલીસમથકે જાણવા જોગ ફરિયાદ આપતા પોલીસે ગુમ થયેલ વ્યક્તિની શોધખોળ આદરી છે.

ગાંધીનગર જિલ્લાના ચિલોડા નજીક આવેલ સાદરા ગામે મુખી વાસમાં રહેતા ગોવિંદભાઈ રામાભાઈ પ્રજાપતિ ઉં.વ. ૪૩ ગત તા. ૧૭મે ૨૦૧૩ના રોજ સવારના સુમારે ઘરે કોઈને કંઈ પણ કહ્યા વગર ચાલ્યા ગયેલ છે. જે હજુ સુધી પરત આવેલ નથી. ગુમ થનાર શરીરે મજબુત બાંધાનો, રંગે ઘઉંવર્ણી ગોળ મોઢાનો છે. ઉંચાઈ ૫ ફૂટ આશરે તેમજ તે ગુજરાતી ભાષા જાણે છે. શરીરે સફેદ લાઈનીંગ વાળો શર્ટ તથા પેન્ટ પહેરેલ છે. જે અસ્થિર મગજના છે. જેઓના માથાના આગળના ભાગે ટાલ છે. ગુમ થનાર વ્યક્તિ અંગે જો કોઈ માહિતી મળે તો ચિલોડા પોલીસમથકનો સંપર્ક કરવા જણાવાયું છે.

# દાતાઓના સહકારથી જરૂરતમંદ વિદ્યાર્થીઓ સુધી નોટ, પેન્સિલ, રબર વગેરે પહોંચાડાશે

ગાંધીનગર, તા.૧

ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ અને ઈન્ફોસીટી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ઉમંગ પ્રોજેકટ અંતર્ગત જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓ માટે નોટ, પેન્સિલ, રબર, સંચો વગેરે વસ્તુઓ કોર્પોરેટ સેકટર દ્વારા કલેકશન કરી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

બાળ કલ્યાણ અને મહિલા વિકાસ ક્ષેત્રે સતત કાર્યશીલ ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટે સમાજના જરૂરતમંદ વિદ્યાર્થીઓને નોટ, પેન્સિલ, રબર, સંચો વગેરે વસ્તુઓ સમાજના વિવિધ વર્ગો અને કોર્પોરેટ સેકટર દ્વારા કલેકશન કરીને જરૂરતમંદ વિદ્યાર્થીઓને પહોંચડવાનું સુંદર કાર્ય હાથ ધર્યું છે. નગરના પરિવારોને વિવિધ વસ્તુઓ આપી આ ભગીરથ કાર્યમાં જોડાવા મેનેજર સંજય પટેલે અપીલ કરી છે. સજ્જન પરિવારોએ વસ્તુઓ આઈ.ટી. ટાવર-૪, ઈન્ફોસીટી ગાંધીનગર ખાતે પહોંચાડવી. દાનમાં મળેલી વસ્તુઓ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ સુધી પહોંચાડાશે એવી ખાતરી આપી નગરજનોને દાન કરવા અપીલ કરી છે.

## આજે સુંદરકાંડના પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૧

પ.પૂ. શ્રી રમેશભાઈ ઓઝા પ્રેરિત ગાંધીનગર વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર તરફથી યોજાતા સત્‌સંગ સંકીર્તનના કાર્યક્રમ અંતર્ગત આજે સાંજે સેકટર-૩-બી પ્લોટ નં. ૩૩૧/૨, ના અજીતભાઈ માવાણીના નિવાસે સુંદરકાંડના પાઠ યોજાશે. ભકતજનોને પધારવા મહેન્દ્રભાઈ રાઠોડે ખાસ આમંત્રણ પાઠવ્યું છે.

# ઈન્ડીકા કારે ટકકર મારતાં સ્કૂટર ચાલકનું ઘટના સ્થળે મોત

**અકસ્માત બાદ કાર ચાલક ફરાર : પોલીસે તપાસ હાથ ધરી**

ગાંધીનગર, તા.૧

સે-૧ના તળાવ પાસે આજે વહેલી સવારે સ્કૂટર ચાલક ઈન્ડીકા કાર સાથે ટકરાતા તેનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજયું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે-૨-સીમાં રહેતા રાજેન્દ્રકુમાર રામધનીસીંગ પોતાનું સ્કુટર લઈને જતા હતા તેવા સમયે સે-૧ના તળાવ પાસે સ્થિત માર્ગ પર પૂરપાટ ઝડપે પસાર થતી ઈન્ડીકા કાર નં. જી.જે.-૧ કેસી ૭૩૯૫ના ચાલકે સ્કૂટરને ટકકર મારતાં રાજેન્દ્રભાઈને ગંભીર ઈજાઓ થઈ હતી. જેના લીધે તેમનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. જ્યારે અકસ્માતના અંતે ઈન્ડીકા કાર ચાલક સ્થળ પરથી નાસી ગયો હતો. આ મામલે સે-૭ પોલીસ મથકે ગુન્હો નોંધાતા પી.એસ.આઈ. એ.કે. ભરવાડે બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.

## આજે જલારામ મંદિરમાં નંદમહોત્સવ

ગાંધીનગર, તા. ૧

સેકટર-૧૯ જલારામ મંદિર ખાતે નંદમહોત્સવના ધાર્મિક કાર્યક્રમનું આયોજન તા. ૨ જી જૂનના રવિવારે બપોરે ૪ થી ૬ કલાક દરમ્યાન રાખેલ છે. અમદાવાદના સુપ્રસિદ્ધ કિર્તનકાર મુકેશભાઈ ભટ્ટના ભજનોનો કાર્યક્રમ રાખેલ છે. તો ગાંધીનગરના ભક્તિ પ્રિય પ્રજાજનોને હાજર રહેવા જણાવેલ છે.

## બીએસએનએલના અધિકારીનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧

ભારત સંચાર નિગમ લી. ગાંધીનગર કચેરીના સબ ડીવીઝનલ એન્જિનિયર બી.એમ. પરમારનો વય નિવૃત્તિ વિદાય કાર્યક્રમ તાજેતરમાં આંબેડકર ભવન ખાતે યોજાયો હતો.

બી.એસ.એન.એલ.માં ૩૭ વર્ષની દીર્ઘકાલીન સેવાઓ નિષ્ઠાથી બજાવનાર બી.એમ. પરમારને વિદાય કાર્યક્રમમાં શાલ અને મોમેન્ટો અર્પણ કરવામાં આવી હતી. ભારત સંચાર નિગમ લી.ના ગુજરાત સર્કલના ચીફ જનરલ મેનેજર બી.કે. સિન્હાએ પરમારની સેવાને બિરદાવી હતી. આ પ્રસંગે ગાંધીનગરના જી.એમ. આશિષ ઠાકર, ડી.જી.એમ. દેસાઈ, પુરવઠા ગોડાઉન મેનેજર રાવ સહિત નિગમના કર્મચારીઓ હાજર રહ્યા હતા. કે.કે. બારોટે સ્વાગત વિધિ અને આભાર દર્શન જી.એસ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### સેક્ટર-૨૭ના આનંદનગરમાં રહેતા

# ડૉક્ટર પરિવાર પર પાડોશીનો ઘાતકી હુમલો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭ના આનંદનગરમાં રહેતા ડૉ. પ્રકાશ નાયક અને તેમના પત્ની તેમજ દીકરી રોનક ઉપર વારંવાર પડોશી સુનિલ ત્રિવેદી દ્વારા હુમલો થયાની ફરિયાદ ઉઠવા પામી છે.

સમાજમાં ઊંચી પ્રતિષ્ઠા પ્રાપ્તકરનાર સુનિલ ત્રિવેદી આનંદનગર કોલેની સેક્ટર-૨૭માં રહે છે. તેઓએ પડોશમાં રહેતા ડૉ. પ્રકાશ નાયક ઉપર ૨૯મી મે ના રોજ ઘાતકી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમના પત્ની સ્ટાફ નર્સ છે. તેમને તથા દીકરી રોનક ઉપર પણ હુમલો કર્યો હોવાની સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ આ બાબતે જરૂરી પગલા લે તેવું ગાંધીનગરના જાગૃત નાગરિકો ઈચ્છી રહ્યા છે.

# એલ.આઈ.સી.ના કર્મચારી અમરસિંહજી નિવૃત્ત થતા વિદાય સમારોહ યોજાયો




ગાંધીનગર, તા. ૧

ભારતીય જીવન વિમા નિગમ ગાંધીનગર શાખાના વિકાસ અધિકારી અમરસિંહજી રાઠોડ વય નિવૃત્ત થતાં તેમનો સન્માન સમારોહ આજે બપોરે ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ સેક્ટર-૧૨ ખાતે યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં કર્મચારી, ભાઈ-બહેનો સહિત મિત્રો, સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય જીવન વિમા નિગમમાં અમરસિંહજી તા. ૧૮ ડિસેમ્બર ૧૯૮૦ના રોજ જોડાયા હતા. ગોધરા, દાહોદ, લુણાવાડા, સંતરામપુર અને ગાંધીનગરને કર્મભૂમિ બનાવી તા. ૩૧મે ૨૦૧૩ સુધી સેવા આપી છે. તેમનો મૃદુભાષી સ્વભાવ, બુદ્ધીમાન વ્યક્તિત્વ, કાયમી ચોકસાઈ યોગનિષ્ઠ યુવા વ્યક્તિત્વ તરીકેની છાપ હર હંમેશા માટે કર્મચારીઓને યાદ રહેશે. વધુમાં ઉપસ્થિત મહેમાનોએ અમરસિંહજીના નિવૃત્ત જીવનમાં બુદ્ધિ અને શક્તિરૂપી જ્ઞાનનો ભંડાર પ્રાપ્ત થાય. આપના કાર્યો જીવન પર્યન્ત ચાલતા રહે તેમજ આપના પારિવારીક જીવનમાં પણ સુખ સમૃદ્ધિ સ્વાસ્થ્ય અને શાંતિ જળવાઈ રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ગાંધીનગર ડિવિઝન સિનિયર વરિષ્ઠ મંડલ પ્રબંધક એસ.પી. સોમાની, માર્કેટીંગ મેનેજર બહુનકુમાર ખાન, પૂર્વ મંત્રી ઈશ્વરસિંહજી ચાવડા, પૂર્વ પ્રોફેસર વાઈસ ચાન્સેલર ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ડૉ. મહાવીરસિંહજી ચૌહાણ હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોનું કુમકુમ તિલક તેમજ બુકે આપી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન ગાંધીનગર શાખાના કર્મચારીઓએ કર્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૨

સૂર્યાસ્ત : ૭.૦૭

## તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

**સિને મેક્સ**

: સ્કીન-૧ :

યે જવાની હૈ દિવાની : ૯.૦૦, ૧૨.૦૫, ૩.૨૦, ૬.૩૫, ૯.૫૦

: સ્કીન-૨ :

યે જવાની હૈ દિવાની : ૧૧.૩૫, ૨.૫૦, ૬.૦૫, ૯.૨૦

: સ્કીન-૩ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૮.૨૦

યે જવાની હૈ દિવાની : ૧૦.૫૦, ૨.૦૫, ૫.૨૦, ૮.૩૫

: સ્કીન-૪ :

યે જવાની હૈ દિવાની : ૯.૨૦, ૧૨.૩૫, ૭.૨૦

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૩.૫૦, ૧૦.૨૦

**સૂર્યા, વાવોલ**

યે જવાની હૈ દિવાની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :

જવાની દિવાની : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

જવાની દિવાની : ૧.૦૦

: સ્કીન-૩ :

આશિકી-૨ : ૧૦.૧૫

જિંદગી ૫૦-૫૦ : ૧.૦૦

જવાની દિવાની : ૧.૦૦

જવાની દીવાની : ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ચિરાગ, કલોલ**

યે જવાની હૈ દિવાની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

**વૃષભ** : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે.

**સિંહ** : આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

**કન્યા** : આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

**વૃશ્ચિક** : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

**ધન** : અટકેલા કાર્ય સમય પર પૂરા થશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ -કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના આયોજન થઈ શકશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્તિ થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. રઈજીજી ગુલાબજી ઠાકોર (ઉ.વ. ૫૦) મુ.પો. લીંબોદરા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. વિષ્ણુબેન ભીખાજી વાઘેલા (ઉ.વ. ૫૫) મુ.પો. લેકાવાડા, તા. , જિ. ગાંધીનગર.
- સ્વ. જીવીબેન રામદાસ પટેલ (ઉ.વ. ૬૫) મુ.પો. દેલવાડ, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. રાજેન્દ્ર રામધની સિહ (ઉ.વ. ૭૬) પ્લોટ નં. ૮૬૨/૨, સેકટર-૨/સી, ગાંધીનગર.
- સ્વ. કાંતાબેન વિશ્વનાથ રાવલ (ઉ.વ. ૯૦) બી-૨૦૨, શાયોના હાઈટ, ખ-રોડ, ગાંધીનગર.